# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-3

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમય: 3:00 કલાક | વિષય : સામાજિક વિજ્ઞાન (S S) | કુલ ગુણ - 80

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો A,B,C અને D છે. કુલ 39 પ્રશ્નો છે.
- તમામ પ્રશ્નોના જવાબ આપવા ફરજીયાત છે.
- વિકલ્પો આતંરિક આપેલ છે. પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

## વિભાગ-A

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુર્જબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[16]**

યોગ્ય જોડકાં જોડો

| A | B |
|---|---|
| (1) રોઝડી | [A] ધોળકા તાલુકો |
| (2) ધોળાવીરા | [B] સુરેન્દ્રનગર જિલ્લો |
| (3) લોથલ | [C] કચ્છ જિલ્લો |
| | [D] રાજકોટ જિલ્લો |

**નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

4. દ્રવિડ કુળની સૌથી પ્રાચીન ભાષા તેલગુ છે.
5. રાષ્ટ્રીય સ્મારકોની જાળવણીની જવાબદારી પર્યાવરણ ખાતાને સોંપવામાં આવી છે.
6. ચિત્તો કુદરતી આવાસમાં માત્ર આફ્રિકાખંડમાં જોવા મળે છે?

**નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

7. ભારતમાં જળસ્રોતના મુખ્ય પ્રકાર કયા કયા છે ?
8. ભારતમાં સિંચાઈના મુખ્ય માધ્યમો કયા કયા છે ?
9. ઔદ્યોગિક પ્રદૂષણો કયા કયા પ્રકારના છે?

**નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

10. ગુજરાતું સૌથી મોટું રેલ્વે જંકશન કયું છે ..........
    [વડોદરા, મહેસાણા, અમદાવાદ]
11. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નિર્માણની જવાબદારી ..........
    [રાજય સરકાર, કેન્દ્ર સરકાર, જિલ્લા પંચાયત]
12 ........... પધ્ધતિને મુકત અર્થતંત્ર કહે છે.
    [સમાજવાદી પધ્ધતિ, મિશ્ર અર્થતંત્ર, બજાર પધ્ધતિ ]

**નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

13 દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા એટલે શું ?
(A) ખાનગીકરણ (B) વૈશ્વિકીકરણ (C) ઉદારીકરણ (D) એકપણ નહિ

14 ૧૫મી માર્ચનો દિવસ ભારતમાં કયા દિવસ તરીકે ઉજવાય છે ?

(A) ગ્રાહક અધિકાર દિન (B) વિશ્વ ગ્રાહક દિન

(C) ગ્રાહક જાગૃતિ દિન (D) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન

15 ભારતમાં મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે કયા વર્ષને ઉજવવામાં આવેલ છે ?

(A) 1975 (B) 2002 (C) 1985 (D) 1999

16 માનવ હકોનું ઘોષણાપત્ર કોણે ઘોષિત કર્યું ?

(A) ગ્રેટ બ્રિટન (B) 1 ઓક્ટોબર (C) 1 એપ્રિલ (D) 15 જૂન

## વિભાગ - B

**નીચે દર્શાવેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[20]**

17 પ્રાચીન સમયથી ભારતની પ્રજા પર્યાવરણ પ્રેમી છે - વિધાન સમજાવો.

**અથવા**

ભારતના વારસામાં લોકમાતા તરીકે નદીઓનું મહત્વ સમજાવો.

18 અકીક કામ વિશે માહિતી આપો.

19 કોણાર્કના સૂર્યમંદિર વિશે ટૂંકનોંધ લખો.

20 ઈલોરાની ગુફાઓની મુખ્ય વિશેષતાઓ જણાવો.

21 આપણા વારસાના જતન અને સંરક્ષણ માટેના ઉપાયો વર્ણવો.

22 વન્યજીવોના રક્ષણ માટેના ઉપાયો સૂચવો.

**અથવા**

રાષ્ટ્રીય ઉદ્યાન વિશે ટૂંકનોંધ લખો.

23 ભારતમાં ભવિષ્યમાં પાણીની વિકટ સમસ્યા સર્જાવા પાછળના કારણો જણાવો.

24 આધુનિક યુગને 'ખનીજયુગ' કહે છે ? શા માટે ?

**અથવા**

સૌર ઊર્જા વિશે ટૂંકનોંધ લખો.

25 પર્યાવરણીય અતિક્રમણ રોકવાના ઉપાયો લખો.

**અથવા**

ભારતમાં ખાંડ ઉદ્યોગ વિશે વિસ્તૃત ચર્ચા કરો.

26 રાષ્ટ્રીય લઘુમતીપંચની સ્થાપનાના હેતુઓ જણાવો.

## વિભાગ - C

**નીચે દર્શાવેલ પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** **[24]**

27 મોહેં-જો-દડોની નગર રચનામાં રસ્તાઓ અને ગટર યોજના વિશે માહિતી આપો.

**અથવા**

મોઢેરાનું સૂર્યમંદિર વિશે માહિતી આપો.

28 ભારતની પ્રાચીન વિદ્યાપીઠ તરીકે નાલંદા વિદ્યાપીઠ વિશે ટૂંકનોંધ લખો.

29 પારિભાષિક શબ્દોના અર્થ આપો.

(1) નવીનીકરણીય (2) ભૂમિ સંરક્ષણ (3) વિરલ સંસાધન

30 આર્થિક વૃધ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત લખો.

**અથવા**

ઉત્પાદનના સાધનો કયા કયા છે ? ટૂંકમાં જણાવો.

31 પર્યાવરણ રક્ષણ માટેનાં પગલાં જણાવો.

32 ભાવવૃધ્ધિને અંકુશિત કરવાના પગલાંનો નિર્દેશ કરો.

**અથવા**

ગ્રાહક શોષણ થવાનાં કારણો જણાવો.

33 ગુજરાત મહિલા સશક્તિકરણ ક્ષેત્રે હાથ ધરાયેલા કાર્યો જણાવો.

34 આંતકવાદની આર્થિક અસરો જણાવો.

## વિભાગ - D

**નીચે દર્શાવેલ પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના 5 ગુણ)** **[20]**

35 પ્રાચીન ભારતમાં ગણિતશાસ્ત્રમાં આવેલી પ્રગતિ વિશે નોંધ લખો.

**અથવા**

પ્રાચીન ભારતની વૈદિક અને શૈલ્ય ચિકિત્સાની સમીક્ષા કરો.

36 ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા ટકેનિકલ અને સંસ્થાગત સુધારા જણાવો.

37 ગરીબી ઉદ્દ્ભવના કારણો દર્શાવો.

**અથવા**

બેરોજગારીનો અર્થ આપી તેના મુખ્ય સ્વરૂપો વર્ણવો.

38 ભ્રષ્ટાચાર નાથવાના સરકારી પ્રયાસો જણાવો.

39 ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલ નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) કાંઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન

(2) શેરડી ઉત્પન્ન કરતો પ્રદેશ

(3) ઉની કાપડ ઉદ્યોગનું એક કેન્દ્રનું નામ સહિત

(4) દિલ્હી-મુંબઈ જતો રેલમાર્ગ એક જંકશન સહિત દર્શાવો.